ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૧ ૧ ડિસેમ્બર ૨૦૧૫ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - 'ઉપદેશ'

જીવને પોતાનાં ડહાપણ અને મરજી પ્રમાણે ચાલવું એ વાત મનગમતી છે. પણ તે જીવનું ભૂંડુ કરનાર વસ્તુ છે. આ દોષ મટાડવા સારુ પ્રથમ તો કોઈને ઉપદેશ દેવાનો નથી. પણ પ્રથમ ઉપદેશ લેવાનો છે, એ જ્ઞાનીનો ઉપદેશ છે. ગમે તેવા દેશકાળને વિષે યથાયોગ્ય રહેવું, યથાયોગ્ય રહેવા ઈચ્છયા જ કરવું એ ઉપદેશ છે.

ચિંતા રહિત પરિણામે જે કંઈ ઉદય આવે તે વેદવું, માત્ર જે થાય તે જોયા કરવું, એવો નિશ્ચય રાખવાનો વિચાર કરો; ઉપયોગ કરો; અને સાક્ષી રહો, એ જ જ્ઞાનીઓનો ઉપદેશ છે.

ચક્રવર્તીને ઉપદેશ કરવામાં આવે તો તે ઘડીકમાં રાજ્યનો ત્યાગ કરે. પણ ભિક્ષુકને અનંત તૃષ્ણા હોવાથી તે પ્રકારનો ઉપદેશ તેને અસર કરે નહીં. માણસો વરસાદ આવે ત્યારે પાણી ટાંકામાં ભરી રાખે છે, તેમ મુમુક્ષુ જીવો આટલો આટલો ઉપદેશ સાંભળીને જરાય ગ્રહણ કરતા નથી, તે એક આશ્ચર્ય છે. તેને ઉપકાર કેવી રીતે થાય?

જ્ઞાનીના ઉપદેશને વિષે અદભૂતપણું છે, તેઓ નિરિચ્છા પણે ઉપદેશ દે છે, સ્પૃહારહિત હોય છે. ઉપદેશએ જ્ઞાનનું મહાત્મ્ય છે, માટે સહેજે માહાત્મ્યને લઈને ઘણા જીવો બુઝે છે.

સર્વદર્શન પારિણામિકભાવે મુક્તિનો ઉપદેશ કરે છે એ નિસંશય છે, પણ યથાર્થદ્રષ્ટિ થયા વિના સર્વ દર્શનનું તાત્પર્યજ્ઞાન હ્રધ્યગત થતું નથી. જે થવા માટે સત્પુરુષની પ્રશસ્ત ભક્તિ, તેના પાદપંકજ અને ઉપદેશનું અવલંબન, નિર્વિકાર જ્ઞાનયોગ જે સાધનો, તે શુધ્ધ ઉપયોગ વડે સમ્મત થવાં જોઈએ. અજ્ઞાનીનો સકામ ઉપદેશ હોય છે; જે સંસારફળનું કારણ છે. તે રુચિકર, રાગપોષકને સંસારફળ દેનાર હોવાથી લોકોને પ્રિય લાગે છે અને તેથી જગતમાં અજ્ઞાનીનો માર્ગ વધારે ચાલે છે.

સત્પુરુષો ઉપકાર અર્થે જે ઉપદેશ કરે તે શ્રવણ કરે, ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે. પારસમણિનો સંગ થયો, ને લોઢાનું સુવર્ણ ન થયું તો કાં તો પારસમણિ નહી, અને કાં તો ખરું લોઢું નહીં. તેવી જ રીતે જે ઉપદેશથી સુવર્ણમય આત્મા ન થાય તે ઉપદેષ્ટા કાં તો સત્પુરુષ નહીં, અને કાં તો સાચો માણસ યોગ્ય જીવ નહીં, યોગ્ય જીવ અને ખરા સત્પુરુષ હોય તો ગુણો પ્રગટ્યા વિના રહે નહીં.

યોગ્ય જીવ ન હોય તેને સત્પુરુષ ઉપદેશ આપતા નથી.

**નહિ દે તું ઉપદેશ કુ, પ્રથમ લેહી ઉપદેશ**
**સબસે ન્યારા અગમ હે વો જ્ઞાની કા દેશ -શ્રીમદ્ રાજચંદ્ર**

## રવીન્દ્ર વાણી (શાંતિ નિકેતન ભાગ ૩માંથી)

મારે વધારે કહેવું નથી. શબ્દો વડે ક્ષણિક ઉતેજના અને ઉત્સાહ નો સંચાર કરવા ઉપર મને લગીરે વિશ્વાસ નથી. હું જાણું છું કે પ્રત્યેકનું જીવન પોતાની અંદરથી પોતાની શક્તિને અનુભવવા ન પામે તો ભાષણ કે ઉપદેશથી કંઈ વળવાનું નથી. બાધાઓ પુષ્કળ છે અને આવરણ અત્યંત કઠિન છે એ હું જાણું છું પરંતુ હું એ પણ જાણું છું કે માણસની શક્તિને કોઈ મર્યાદા નથી. દેશમાં અને કાળમાં માણસ અનંત છે, તેના એ અનંત મહત્વને કોઈ આવરણ ઢાંકી રાખી શકે તેમ નથી.

જે દિવસે માણસ પોતાની અંદર જે કંઈ મહાન છે, પોતાની અંદર જે અમર જીવન છે, તેનો સ્વીકાર કરે છે, તે દિવસ તે તેની દીક્ષા. આનંદ મારફતે જ સત્યને જોવું સંભવિત બને છે, બીજો કોઈ ઉપાય જ નથી.

માણસનું જાગરણ સહજ નથી. એટલે જ તેનું મૂલ્ય વધારે છે. એ જાગરણ માટે યુગોના યુગો સુધી રાહ જોવી પડે છે. જે દિવસે માણસ જાગશે તે દિવસે પંખીના ગીત કરતાં તેના ગીતનું મૂલ્યુ અનેક ગણું વધારે હશે. ફૂલના સૌંદર્ય કરતા તેનું સૌંદર્ય અનેક ગણું વધારે હશે. એટલા માટે યુગોના યુગો સુધી રાત દહાડો તે દેવતા જાગતા રહ્યા, રાહ જોતા રહ્યા, કે પાપીના પાપની મલિનતા ધોવાઈને ક્યારે તેનું હ્રદય ફૂલના જેવું નિર્મળ બની ખીલી ઉઠે. વરસો વરસ ઉત્સવ વ્યર્થ જાય છે, રોજ રોજ પ્રકાશનો દૂત ફરી ફરીને પાછો જાય છે, કારણ કે એવી આશા હંમેશા રહ્યા જ કરે છે કે જે દિવસે માણસ હાક સાંભળશે તે દિવસે બધુ સાર્થક થશે.

ફુવારો જેમ પોતાના નાના સરખા છિદ્રને ભેદીને પોતાની ધારને ઊંચે ઉછાળે છે તે જ રીતે મૃત્યુના સાંકડા છિદ્રમાં થઈને અમૃતનો ફુવારો ઊડે છે. જેઓ એ જોવા પામ્યા છે તેમણે બૂમ પાડીને કહ્યું છે. ભય પામશો નહિ, અંધકાર સાચો નથી, મૃત્યુ સાચુ નથી, તમને અમૃતનો અધિકાર છે. મૃત્યુને ગુલામખત લખી ન આપશો. ભગવાને પોતે કહ્યું છે. તમે અમૃતના પુત્રો છો, મારા જેવા જ તમે છો. અને આપણે એ વાતને રોજ રોજ જુઠી પાડીશું? **અનુ: નગીનદાસ પારેખ**

જગતમાં આપણું દરેકનું એક વિશેષ સ્થાન છે. આપણે દરેક એક એક વિશેષ ''હું'' છીએ. એ વિશેષત્વ બિલકુલ અટળ અને અતૂટ છે. અનંતકાળમાં અને અનંત વિશ્વમાં ''હું'' જેવો છું તેવું બીજું કોઈ નથી. આ ''હું'' એક તરફથી બધાથી અલગ થઈને બીજી તરફથી બધાને જ પોતાના બનાવી લે છે.

## નઈ તાલીમની વ્યાખ્યા

મારી નઈ તાલીમની વ્યાખ્યા એ છે કે જેને નઈ તાલીમ મળી છે તેને જો ગાદીપર બેસાડશો તો ફૂલાશે નહી અને ઝાડુ આપશો તો તે શરમાશે નહીં તેને માટે બંને કામની સરખી જ કિંમત રહેશે. તેના જીવનમાં નકામા મોજશોખને સ્થાન હોઈ જ ન શકે. તેની એક પણ ક્રિયા અનુત્પાદક કે અનુપયોગી નહી હોય. નઈ તાલીમનો વિદ્યાર્થી ઢબ્બુ તો રહી જ ન શકે. કેમકે તેના પ્રત્યેક અંગને કામ મળશે. તેની બુધ્ધિ તથા તેના હાથ સાથે સાથે ચાલશે. લોકો હાથે કામ કરશે ત્યારે બેકારી અને ભૂખમરાનો તો સવાલ જ નહીં રહે. મારી નઈ તાલીમ અને ગ્રામોદ્યોગ એક જ સિક્કાની બે બાજુઓ છે. એ બંને સફળ થશે તો જ સાચું સ્વરાજ આવશે.

નઈ તાલીમ એ મારી હિંદુસ્તાને અંતિમ અને સર્વોત્તમ ભેટ છે. નઈ તાલીમથી હિંદુસ્તાનનો નકશો જ બદલાઈ જશે.- **ગાંધીજી.**

## નઈ તાલીમમાં ઉદ્યોગ ધ્વારા શિક્ષા

ઉતક યોગ એટલે ઉદ્યોગ. જીવનમાં ઊંચો યોગ સાધવાનો છે.

જેમ ચાવીથી તાળુ ખોલાય છે તેમ ઉદ્યોગ ધ્વારા જીવનને ખોલવાનું છે. ટાગોરના મતે માણસની શારીરિક અને માનસિક બધા પ્રકારની શક્તિઓમાં એક અખંડ સંબંધ રહેલો છે. વળી પરસ્પરના સહયોગથી એ શક્તિઓ બળ પ્રાપ્ત કરે છે. બૌધ્ધિક શિક્ષણ સાથે જો દેહનું શિક્ષણ સાથોસાથ ચાલતું ન રહે તો મનના શિક્ષણનો પ્રવાહ અટકી જાય છે. શારીરિક કુશળતાની તાલીમને લીધે મન પણ સતેજ અને સજીવ બની જાય છે. શરીરની તાલીમ જ્યાં નથી હોતી ત્યાં મનની તાલીમનું બળ પણ હણાઈ જાય છે. આથી માણસ અધૂરો રહે છે. પ્રાણશક્તિ અને જ્ઞાનશક્તિથી માણસનું જીવન સમર્થ બને છે. પ્રાણશક્તિ માટે ઉત્તમ પ્રકારનો વ્યાયામ, સમય અને શરીરશ્રમ જરૂરી છે.

જ્ઞાનનું સારું માધ્યમ કર્મ જ હોઈ શકે.- **ગાંધીજી.**

## સફાઈ-સ્વચ્છતા એક મહાન રાષ્ટ્રીય કાર્ય

ચોખ્ખાઈમાં પ્રભુનો વાસ છે. જેમ અપવિત્ર મન હોય તો ઈશ્વરના આશીર્વાદ પામીએ નહિ, તેવું જ સ્વસ્થ શરીરનું છે. આપણી ભયંકર ગંદકીનું કારણ આપણી બેદરકારી અને આપણો સામાજીક અસહકાર છે. જે કાંઈ ફાવે ત્યાં થૂંકી, કચરો કે ગંદવાડ નાખી અથવા બીજી રીતે હવા પાણીને બગાડે છે. તે કુદરતનો ને માણસનો ગુનેગાર છે. માણસનું શરીર ઈશ્વરનું મંદિર છે.

રાષ્ટ્રીય કે સામાજીક સફાઈને આપણે જરૂરી ગુણ માન્યો નથી કે કેળવાયો નથી. સફાઈના મૂળતત્વોના શિક્ષણની આગળ અક્ષરજ્ઞાન તો કશી વિસાતમાં નથી. સ્વચ્છતાની પધ્ધતિની બાબતમાં આપણે પશ્ચિમ પાસેથી પાઠ ભણવાનો છે. ગ્રામોધ્ધારમાં ગ્રામસફાઈ ન આવે તો આપણા ગામડા ઉકરડાં જેવા જ રહેવાના. ગ્રામ સફાઈનો સવાલ પ્રજાજીવનનું અવિભાજ્ય અંગ છે. આ પ્રશ્ન જેટલો જરૂરી છે એટલો જ મુશ્કેલ છે. અનાદિકાળથી ચાલતી આવેલી અસ્વચ્છતાની આદત કાઢવામાં મહાપરાક્રમની જરૂર છે, જે સેવક ગ્રામસફાઈનું શાસ્ત્ર નથી જાણતો, પોતે પોતાનો ભંગી નથી બનતો તે ગ્રામસેવાને લાયક બની શકતો નથી - **ગાંધીજી.**

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - ઉપદેશ - ટાગોર વાણી - | ૧ |
| નઈ તાલીમ, શિક્ષા અને સફાઈ,,ગાંધીજી, તંત્રી સ્થાનેથી - | ૨ |
| ખેતીવાડી વિકલ્પ વિચારવા રહ્યા, કિશોર દવે. - | ૩ |
| ઐતિહાસિક ચુકાદો - | ૩ |
| સત્ય વિનાનો શબ્દ-જસ્ટ એક મિનીટ- | ૪ |
| સોના કરતા સંબધોનું મુલ્ય વધારે છે, ગરીબ કોણ ? | ૫ |
| સત્સંગનું ફળ-માણસ બની જાઓ- | ૫ |
| ખોરાકની શોધમાં - લોકો ધારેતો તકલીફ નિવારી શકે.- | ૬ |
| તુ જ્યાં હો ત્યાંથી પાછો આવી જા, ગાંધીવાણી - | ૬ |
| શબ્દ કહયા વિના સુધારી દીધા, ૩૦ દિવસમાં રેશનકાર્ડ- | ૭ |
| મેઈ ઈન ઈન્ડીયા, મજહબી શરાબ- | ૭ |
| આપણે સ્વાર્થી થઈ ગયા છીએ - | ૮ |



**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય**
**મોરારજી નાનજી છેડા, ચેમ્બુર તથા એક સજ્જન મિત્ર, તારાપુર, જિ. આણંદ તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

# ખેતીવાડી : વધતો જતો ખર્ચ નિયંત્રિત કરવાના વિકલ્પ વિચારવા રહ્યા

મુંબઈ : ખેતીવાડી ક્ષેત્રે ઘણા પ્રશ્નો છે. ઉકેલ પણ સરળ છે, પરંતુ કોઈને તે દિશામાં આગળ જવું નથી. ખેતીવાડીનો એક પ્રશ્ન બીજા સાથે અને બીજો ત્રીજા સાથે એ રીતે પૂરી સાંકળ છે તે એકબીજાથી સંકળાયેલી છે. બજારમાં પૂરા ભાવ મળતા નથી-ઉત્પાદન ખર્ચ વધી રહ્યું છે. ખર્ચાની તુલનામાં આવક નથી આ બધી બાબતો એક બીજા સાથે જોડાયેલી છે.

જ્યારે સૌરાષ્ટ્ર રાજ્યની રચના ૧૯૪૮માં થઈ તે વખતે ઉછરંગરાય નવલશંકર ઢેબરને મુખ્ય મંત્રી દરજજે કોઈ વિદ્વાને સૂચન કર્યું હતું કે જો સૌરાષ્ટ્રના ૫ હજાર ગામડામાં દરેકમાં માત્ર ગીરની ગાય દરેક ઘરમાં હોય તેવી વ્યવસ્થા કરે તો પ્રજા સુખી થશે. અહીં સુખી શબ્દનો અર્થ તાજા દૂધ-ઘી-માખણ-છાશ-તંદુરસ્તી-ઊર્જા અને ખેતીની સમૃદ્ધિથી પ્રજાના દરેક વેપાર-વ્યવસાયની સમૃદ્ધિ વધશે તેવી ભાવના વ્યક્ત થઈ હતી.

જો સમૃદ્ધિ વધે તો ઉદ્યોગ-વ્યવસાય અને વેપાર પણ વધે, પરંતુ તે દિશામાં નક્કર કાર્ય ન થયું અને આજે સમાજમાં સેંકડોની સંખ્યામાં પ્રશ્નો ઊભા થયા છે. હવે ઉકેલની દિશામાં આગળ જઈ શકાય તેવું નેતૃત્વ-વહીવટકર્તા અને આયોજકો નથી. નેતૃત્વની ખામીને કારણે સમાજના દરેક ક્ષેત્રમાં પ્રશ્નો છે.

ખેતીવાડીમાં ખર્ચ ઓછો કરવો તે મોટો પડકાર છે, પરંતુ રાસાયણિક ખાતરને કારણ જ ઉત્પાદન ખર્ચ વધી જાય છે દરેક ખેતરદીઠ ૫-૧૦-૧૫ પશુઓ હોય તો જમીનને આવશ્યક એવો કુદરતી ખાતરનો પૂરવઠો મળી રહે અને ખેતરમાંથી નીપજતા પાકનો કચરો-પાંદડા અને ઘાસ એ પશુઓ માટે આહાર બને તે કુદરતી ચક્રને ખૂબ જ નુકસાન થયું છે. હવે આ રસ્તે કઈ રીતે પરત આવવું ?

આ માટે કેટલાંક સૂચન થયાં છે જે ખેતીવાડી ક્ષેત્રને માટે ઉપયોગી બની રહે તેમ છે.

૧) ખેતીમાં ફળફળાદી-શાકભાજી કઠોળ અને આયુર્વેદના વૃક્ષ-વેલી વનસ્પતિના ઉછેરને પણ સ્થાન આપવું. દરેકની સિઝન હોય છે જેમ કે આયુર્વેદનો કેટલોક પુરવઠો ઓછો હોય તે વખતે ખેડુતે જો તે વનસ્પતિનો ઉછેર કર્યો હોય તો તેમને બજારમાં સારી કિંમત મળી રહે છે.

૨) જ્યાં સિંચાઈની પૂરતી સુવિધા નથી તે વિસ્તારમાં વરસાદી પાણીના સંગ્રહ માટે દરેક ખેડૂતે પોતાના ખેતરની નજીક ખેત તલાવડી કરવી. સારા વરસાદમાં ત્રણથી પાંચ વખત આવી તલાવડી છલકી જશે અને તેનું પાણી જમીનમાં ઊતરશે તેથી ભેજનું પ્રમાણ વધશે અને આજુબાજુ ઘાસ ઊગી નીકળશે જે થોડા દિવસ માટે પશુઓનો ચારો બનશે. આથી પશુઓ રાખવાનો ખર્ચ બહુ ઘટી જશે.

૩) ખેડૂતોએ ફળફળાદી અને શાકભાજીના ઉત્પાદન પર ધ્યાન આપવાની જરૂર છે. આ પ્રકારની આવક ખેડૂતો માટે પૂરક આવક બને છે. આથી ખેતીવાડી નફાકારક બની જશે તેવું નથી, પરંતુ શાકભાજી અને ફળોનો ઉપયોગ સ્થાનિક કક્ષાએ પણ થતો હોવાથી તેનો ટ્રાન્સપોર્ટનો ખર્ચ પણ જો સ્થાનિક વેચાણ થાય તો ઓછો થઈ જાય છે. આવી બાબતે ખેડૂતને વ્યવહાર ફાયદો થાય છે.

ખેતરની વાડ પર ફળો જેવાં કે જામફળ-કોળાં-ઉગાડી શકાય છે. અલબત સારી જમીન અને ખેડ ખાતર પણ હોવા જોઈએ. જમીનમાં ભેજ હોય તે જમીન સારી ગણવામાં આવે છે. જો કૂવામાં પાણી હોય તો ખેતી વિકસે છે. પાણી એ ખેતીવાડીનો પ્રાણ છે. દરેક ચોમાસામાં પાણી વરસે છે, પરંતુ કયા ખેતરમાં સંગ્રહ થાય છે ?

૪) આયુર્વેદિક મૂલ્ય ધરાવતાં વૃક્ષો જેમાં લીમડો મુખ્ય છે. ખેતરની વાડ પર ચારે તરફ લીમડાનાં વૃક્ષો કુદરતી જંતુનાશક તરીકે કાર્ય કરે છે. ખેતીવાડીમાં ખર્ચ ઘટાડવાનું આ એક ઉમદા કાર્ય છે. આવી બાબતથી કોઈ અજાણ નથી, પરંતુ તેનાથી દૂર જતું રહેવાયું છે તે હકીકત છે અને તેથી જ ખેતીવાડીમાં માત્ર સમસ્યા છે.

અનાજના ભાવ સતત વધે છે. જીવન આવશ્યક ચીજવસ્તુના ભાવ પણ વધે છે, પરંતુ તેનું ઉત્પાદન કરનારા દુઃખી થઈ રહ્યા છે. ખેતીવાડીના ક્ષેત્રને સબસિડી, સસ્તા ભાવે વિદ્યુત, મફતના ભાવે ધિરાણ, આપવામાં આવેલું ધિરાણ માંડી વાળવા સહિતના ડઝનબંધ કન્સેશન પછી પણ જો ખેડૂતો બેહાલ હોય તો તેનો અર્થ એ છે કે સિસ્ટમમાં જ ખામી છે.

ખેડૂતોને દેશભરમાં આપવામાં આવેલા ધિરાણની રૂ.૭૧ હજાર કરોડની રકમ માંડી વાળવામાં આવી હતી તે છતાં આજે ખેતીવાડીની સમસ્યા તેટલી જ છે તો પછી કરદાતાના આટલાં નાણાં ગયા પછી પણ આવી પરિસ્થિતી કેમ છે ? ગમે તેટલો વરસાદ પડે પછી પણ દુકાળ-પાણીની અછત અને ઓછો પાક થયો છે તેવી વાતનું જ પુનરાવર્તન થઈ રહ્યું છે.

ખેડૂતોનો હાલનો વર્ગ ખેતીવાડીથી કંટાળી ગયો હોય તેમ લાગે છે.તેમને ખેતીમાં રસ નથી. આવે વખતે ખેતીના પ્રશ્ન સમજીને નવી ડિઝાઈન સાથે ખેતી કરવાનો સમય પાકી ગયો છે. ખેતી એ માનવજાતનો સૌથી પ્રાચીન વ્યવસાય છે. તેની પરિસ્થિતિ આવી કંગાળ હોય તે ચલાવી લઈ શકાય નહીં.- **કિશોર દવે, સૌ. મુંબઈ સમાચારસૌ.**

# ઐતિહાસિક ચુકાદો-સિંગલ મધરની જીત

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી વિક્રમજીત સેને મહિલાનું સન્માન જળવાઈ રહે એવો અદ્‌ભુત ચુકાદો આપ્યો છે કે, બાળકના પિતાનું નામ આપ્યા વિના મહિલા બાળકની કાયદેસરની વાલી તરીકે પોતાનું નામ આપી શકે છે. આ માટે બાળકના પિતાની મંજૂરીની કોઈ જરૂરિયાત નથી.

દેશમાં અમુક સ્ત્રી એવી છે કે જે કુવારી માતા બની હોય કે લગ્ન બાદ પતિ સાથે ન રહેતી હોય જેને આપણે સિંગલ મધર તરીકે ઓળખીએ છે. તેવી સ્ત્રીઓ માટે આ ચુકાદો વરદાનરૂપ છે. આજની નારી પુરુષ સમોવડી થવા લાગી છે. વિપરીત સંજોગોમાં તે બાળકનો ઉછેર એકલે હાથે કરવા માટે સક્ષમ છે. કોર્ટના ચુકાદાથી આવી માતાઓ બાળકનો ઉછેર આત્મવિશ્વાસથી કરી શકશે. બાળકના કાયદેસરના વાલી તરીકે માતાના નામને સ્વીકારીને કોર્ટે ખરેખર સિંગલ મધરની લાગણીઓનું સન્માન કર્યું છે, તેમનું ગૌરવ વધાર્યું છે. સમાજનો પણ તેમના તરફ જોવાનો દૃષ્ટિકોણ જરૂર બદલાશે. - **જસ્મિન દેવાંગ શાહ, બોરીવલી.**

## સત્ય વિનાનો શબ્દ નિરર્થક છે.

તિબેટમાં નરોપા બહુ જ્ઞાની લામા કહેવાતા હતા. તેમણે બૌધ્ધ સાહિત્યના ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. તેમને શાસ્રોના કેટલાય સૂત્રો કંઠસ્થ હતા. ગૂઢ વિદ્યાઓની પણ તેમની સારી જાણકારી હતી. પ્રાચીન તેમજ વિદ્યમાન શાસ્રોમાં તેઓ પારંગત ગણાતા હતા. તેમની પાસે બહોળો શિષ્ય સમુદાય હતો. લોકોમાં એવી વાયકા હતી કે, રાત્રે તેમને મળવા અને તેમની સાથે ચર્ચા કરવા ક્યાંયથી આધ્યાત્મિક સંતો અદ્રશ્ય રહીને આવે છે અને સવાર થતાં વિદાય થઈ જાય છે.

એક રાત્રિએ નરોપા ધ્યાનમાં હતા ત્યાં તેમને એક કુરૂપ અને વિચિત્ર સ્રી દેખાઈ. છાયા જેવી આ સ્રીને જોતાં તેઓ ચોંકી ઊઠયા. ત્યાં તો પેલી અમાનુષી સ્રીએ નરોપાને કહ્યું, ''તું મોટો વિદ્વાન ગણાય છે. ઘણા શાસ્રોનો જાણકાર છે. તો મને જરા એ તો કહે કે તું શું જાણે છે અને તારા શિષ્યોને શું ભણાવે છે ?''

નરોપાએ કહ્યું, ''દર્શનશાસ્ર, ધર્મ, તત્ત્વાર્થ વગેરેમાં મારી પ્રવૃત્તિ રહે છે પણ તમે કોણ છો ? અને અહીં ઉપસ્થિત થવામાં તમારો શું આશય છે ?''

પેલી અમાનુષી સ્રીએ કહ્યું, ''તું જે ભણાવે છે, જેની ચર્ચા કરે છે તેનો તને કંઈ અનુભવ છે કે પછી બધું ઉપર ઉપરથી થાય છે ? તત્ત્વની તને પ્રતીતિ થઈ છે કે પછી બધું પોથીમાં જ પડેલું છે ?''

નરોપા આ અજાણી સ્રીના પ્રશ્નથી વિમાસણમાં પડી ગયા. પછી તેમણે નમ્રતાપૂર્વક કહ્યું, ''હું શબ્દોના અર્થને જાણું છું. પણ મને તેના રહસ્યો હજુ તાદ્દશ થયા નથી. શબ્દનો મને પરિચય છે પણ મને તેનો સાક્ષાત્કાર થયો નથી.''

આટલું સાંભળતામાં પેલી અમાનુષી છાયા, ચારુ રૂપ બની ગઈ. તે હર્ષથી નાચવા લાગી અને ગાવા લાગી. નરોપાને તેનું આ સુચારુ સ્વરૂપ ગમ્યું, તેને ખુશ કરવા અને તેના સૌંદર્યને વધારે નિખારવા નરોપાએ પોતાના પૂર્વકથનને સુધારતા કહ્યું ''મને શાસ્રોની પૂર્ણ પ્રતિતી થઈ નથી, પણ આંશિક અનુભૂતિ તો છે જ, ક્યાંક કંઈક ખૂટે છે પણ ઝાઝી ખોટ નથી રહી.''

નરોપાએ પોતાના કથનમાં જરા સુધારો કર્યો, ત્યાં તો પેલી અમાનુષી સ્રીનું નર્તન અટકી ગયું અને તે ચીસ પાડીને ભોંય ઉપર પડી. ક્ષણવારમાં તેનું સુચારુ સ્વરૂપ બદલાઈ ગયું.

ઓચિંતાની આ સ્રી ભોંચ ઉપર ચીસ પાડીને પડી તેથી નરોપા ગભરાઈ ગયા. તેમણે જોયું કે, તે સ્રીનું સૌંદર્ય ઓસરી ગયું હતું અને તે પુનઃ કુરૂપ બની ગઈ હતી. નરોપા તેમને કંઈ પૂછે તે પહેલાં તો તે અમાનુષી છાયા જમીન ઉપરથી ઊભી થઈ અને આવી હતી તેમ વીજળીની જેમ ત્યાંથી અદ્રશ્ય થઈ ગઈ.

બદલાયેલી પરિસ્થિતિ ન સમજાતાં નરોપા સ્તબ્ધ થઈ ગયા અને ઉંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. થોડીકવાર તેઓ આ સ્થિતિમાં રહ્યા, ત્યાં તેમના મનમાં ઝબકારો થયો અને તેમને અમાનુષી સ્રીનું વર્તન સમજાઈ ગયું. તેમણે પોતાના જ્ઞાનનો અને વર્તનનો ક્યાસ કાઢી લીધો અને કંઈક નિર્ણય કરી અને સવાર થતાં તેમણે શિષ્યોને વિદાય આપી, મઠમાં પડેલા ગ્રન્થોને ઉપર ચઢાવી દીધા. દિવસ થતામાં તો તેમણે મઠ છોડી દીધો અને સંધ્યા પહેલાં તો તેઓ બુદ્ધત્વ પામેલા તિલોપા પાસે જઈને તેમને સમર્પિત થઈ ગયા.

વાસ્તવિકતામાં તે અમાનુષી સ્રી નરોપાને આગળનો માર્ગ બતાવવા માટેનો દૈવી સંકેત હતો. યોગ્ય સાધક જ્યારે સાધનામાં ક્યાંક અટકી પડ્યો હોય છે ત્યારે દૈવ-અસ્તિત્વ પણ પરોક્ષ રીતે સંકેત આપીને આગળનો માર્ગ ચીંધે છે. દૈવ સંકેત આપીને નરોપાને સમજાવ્યું કે, પ્રતીતિ વિનાનું કોરું જ્ઞાન અધૂરું છે તે કુરૂપ છે. જ્ઞાન જ્યારે અનુભૂતિના ઘરનું થાય છે ત્યારે તે ચારૂ રૂપે પરિણમે છે. નરોપાએ જ્યારે એ વાતનો સ્વીકાર કર્યો કે તેને જ્ઞાન છે પણ અનુભૂતિ નથી ત્યારે અમાનુષી સ્રીની કુરૂપતા ચાલી ગઈ હતી અને પ્રસન્નતાથી તે સ્વરૂપવાન બની ગઈ હતી. જ્યારે નરોપાએ દંભ કરતા કહ્યું કે, તેમને જ્ઞાનની આંશિક અનુભૂતિ થઈ છે ત્યારે સ્રીનું સુચારૂ રૂપ ચાલ્યું ગયું અને તે ચીસ પાડીને જમીન ઉપર ઢળી પડી વાતનો તત્ત્વાર્થ એ થયો કે સત્ય એ જ શિવ છે અને જે શિવ છે તે સુંદર છે.

આ વાતમાં ઉંડાણ વધારે છે. તે સંકેતથી સમજાવે છે કે, સત્ય વિનાનો શબ્દ, ભાવ વિનાનો પ્રેમ અને ઉંડાણ વિનાનો વ્યાપ નિરર્થક છે. ભલે તેની ચમકદમક કેટલીય હોય પણ તેની કિંમત કોડીની છે. આ બધાનું અંતઃસ્વરૂપ બેડોળ જ હોય છે, કુરૂપ હોય છે. જ્યારે પ્રેમમાં ભાવ ભળે છે શબ્દ સત્યનું નિરૂપણ કરે છે અને જ્ઞાનની અનુભૂતિ થાય છે ત્યારે બધું સુરૂપ અને સુચારૂ બની જાય છે. આપણે આ વાતને સમજીને તે પ્રમાણે જીવીશું તો સત્યનું ચારુ રૂપ સ્વયં પ્રગટ થશે અને આપણું જીવન પ્રસન્ન બની રહેશે.- **ચંદ્રહાસ ત્રિવેદી.**

## જસ્ટ, એક મિનિટ...

એક પ્રોફેસરે ક્લાસમાં આવીને વિદ્યાર્થીઓને એક સરપ્રાઈઝ ટેસ્ટ આપવા તૈયાર થઈ જવા કહ્યું.

પ્રોફેસરે બધા વિદ્યાર્થીને પ્રશ્નપત્ર આપ્યા. પ્રશ્નપત્ર વહેંચાઈ ગયા પછી પ્રોફેસરે પ્રશ્નપત્રનું પાનું ખોલીને શરૂ કરવા કહ્યું. બધાએ પ્રશ્નપત્રમાં શું જોયું ? બધાના આશ્ચર્ય વચ્ચે પ્રશ્નપત્રમાં એક પણ પ્રશ્ન નહોતો ! આખા કોરા કાગળની વચ્ચોવચ એક કાળું ટપકું હતું.

બધાના ચહેરા પરના હાવભાવ જોઈને પ્રોફેસર કહેઃ 'તમારે ફક્ત એટલો જવાબ આપવાનો છે કે તમને એમાં શુ દેખાય છે ?'

વિદ્યાર્થીઓ ગૂંચવાઈ ગયા. આવી અનપેક્ષિત પરીક્ષા માટે કોઈ તૈયાર નહોતું. જો કે બધાએ જવાબ લખ્યા. છેવટે પ્રોફેસરે બધા પાસેથી પેપર એકત્રિત કરી, જવાબ મોટેથી વાંચવાનું શરૂ કર્યું એક પણ અપવાદ સિવાય બધાએ કાળા ટપકા વિશે કંઈ ને કંઈ લખ્યું હતું.

પ્રોફેસર કહેઃ 'હું તમને આના માર્ક્સ આપવાનો નથી, પરંતુ તમને કંઈક વિચારવા પ્રેરું છું. કાગળ પરના સફેદ હિસ્સા વિશે કોઈએ લખ્યું નહીં. બધાએ કાળા ટપકા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. આપણા જીવનમાં પણ આવું જ બને છેને ? એવા કેટલાય પ્રસંગ હોય છે, જેનો આપણે આનંદ માણી શકીએ, પરંતુ આપણું ધ્યાન હોય છે ક્ષુલ્લક બાબત પર... નાની નાની બાબત માટે દુઃખી થઈને સુખદ પળો માણવાનું આપણે ચૂકી જઈએ છીએ.'

તાત્પર્ય એ કે આરોગ્યની મામૂલી ફરિયાદો, મોજશોખ માટે નાણાંનો અભાવ, ગૂંચવણભર્યા સંબંધ, મિત્ર સાથેની નારાજગી, અંતરંગ વ્યક્તિનું અણગમાભર્યું વર્તન, એવાં નાનાં કાળાં ટપકાં છે, જેના પરથી ધ્યાન હટાવીને કુદરતે આપણને નવાજેશ કરેલી અનેક મોટી ભેટ-પ્રેમ, એકમેકની દરકાર, આયુષ્ય અને આશીર્વાદને હર પળ માણી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.- **રાજુ અંધારિયા.**

## સોના કરતા સંબંધોનું મૂલ્ય વધારે છે.

એક ગામમાં બે ભાઈ રહેતા હતા. તેમની વચ્ચે સહજ વહેંચણી થઈ પરંતુ સોનાની એક વીંટીને લઈને બંન્ને વચ્ચે વિવાદ થઈ ગયો. વિવાદ વધી જવાથી બંને પોતાની સમસ્યા લઈ એક સંત પાસે પહોંચ્યા. સંત બોલ્યા, ''તમારી વીંટી અહીં મૂકી જાવ અને કાલે આવજો.'' તેમના ગયા પછી સંતે સોનીને બોલાવીને એ વીંટી જેવી જ બીજી વીંટી તૈયાર કરાવી અને તેની કિંમત પોતે ચૂકવી દીધી. બીજા દિવસે બંન્ને ભાઈઓ પાછા આવતાં તેમણે એક એક વીંટી બંનેને આપી દીધી. બંનેને એમ જ લાગ્યું કે માત્ર તેની પાસે જ વીંટી છે, એટલે બંન્ને પ્રસન્ન થઈને પોત-પોતાના ઘરે પાછા ફર્યા અને બંને વચ્ચેના સંબંધો પણ સુધરી ગયા. એક દિવસ પરસ્પર વાતચીતમાં સત્યની જાણ થતાં તેઓ સંતની પાસે ગયા અને તેમને આમ કરવાનું કારણ પૂછ્યું. સંત બોલ્યા, ''સોનું તો તુચ્છ ચીજ છે, સંબંધોનું મૂલ્ય વધારે છે. તેમાં ક્યારેય અંતર ન આવવું જોઈએ.'' બંને ભાઈઓએ પરસ્પર વિવાદ ભુલાવી દીધો અને વીંટીની કિંમત સંતને ચૂકવીને પ્રેમપૂર્વક રહેવા લાગ્યા.

## સત્સંગનું ફળ

એક બહેન, નામે કુસુમ. મોટરકાર એકસીડન્ટમાં એના પતિનું મૃત્યું થયું. એનો જુવાનજોધ છોકરો પણ મરી ગયો અને ખુદના હાડકાંય ભાંગ્યાં. એક વરસ સુધી તેને આગ્રાની ઈસ્પીતાલમાં રહેવું પડ્યું. પરંતુ તે હંમેશાં ખુશ રહેતી ખાટલામાં પણ પડ્યે ભાગવત વાંચતી. એને કોઈએ પૂછ્યું. ''તું આટલો બધો સત્સંગ કરે છે, તોય તારા ઉપર આ આફત કેમ આવી પડી?'' તેણે કહ્યું, ''આફતને દૂર કરવી કે એને મટાડવી એ સત્સંગનું ફળ નથી. (સારાનરસાં ક્રર્મો તો ભોગવવાં જ પડે) દુઃખ સહન કરવાની શક્તિ આવે એ સત્સંગનું ફળ છે.'' એને (કુસુમને) મળવા બાબા વૃંદાવનથી પદયાત્રા કરીને આગ્રા ગયા. - **સ્વામી અખંડઆનંદ સરસ્વતી, 'ભૂમિપૂત્ર' પાક્ષિક માંથી.**

## માણસ બની જાઓ ને!

દુકાનની ગાદી પર શેઠ એમ ને એમ નવરા બેઠા હતા.

એવા સમયે એક ભિખારી ત્યાં આવી ચડ્યો.

''શેઠ! દસ પૈસા આપશો?'' ''પરચૂરણ નથી.''

''કાંઈ ખાવાનું આપશો?'' ''આ દુકાન છે, ભોજનશાળા નથી.'' ''તો પાણી આપશો?''...

''ત્યાં પાટિયે બેસ. મારો માણસ બહાર ગયો છે એ આવશે એટલે પાણી આપશે.''

૧૦ મિનિટ... ૧૫ મિનિટ... જવા છતાંય જ્યારે માણસ ન આવ્યો ત્યારે ભિખારીએ ફરી એકવાર શેઠને યાદ કરાવ્યું.

''શેઠ, પાણી...''

''એકવાર કીધું ને, કે મારો માણસ આવશે એટલે તને પાણી આપશે!''

''તો શેઠ પાણી આપવા પૂરતા તમે જ માણસ બની જાઓ ને!''

**સંપત્તિની ગાદીએ બેઠેલો માણસ એટલો પ્રમાદી અને પરાધીન બની જાય છે કે તેનામાં માણસાઈ પણ મરી પરવારે છે. સૌ. જૈન પ્રકાશ**

## ગરીબ કોણ?

એક શહેરમાં વર્ષો પહેલાં અતિ ધનવાન ભાઈ રહેતા હતા. તેમને સંતાનમાં એક માત્ર પુત્ર. જબરદસ્ત મોટું ઘર, વચ્ચો-વચ્ચ સ્વીમીંગપુલ તથા રસોઈયા, માળી, નોકરોની ફોજ, લાલા માટે એક કુતરો પણ પાળવામાં આવ્યો હતો.

એ શ્રીમંત શેઠને હંમેશા એવું લાગતું કે મારા પુત્રને દુનિયાદારીનું, ગરીબાઈનું ભાન તો કરાવવું જ જોઈએ, ગરીબાઈ વિશે ભાષણ કર્યે નહીં ચાલે.

એક ગરીબ ઘરમાં તેને અઠવાડિયું રહેવા મોકલી દઉં તો કાંઈ કામ થાય. ગરીબ ઘરમાં રહેશે તેમની મુશ્કેલીઓ જોશે તો જ તેને શ્રીમંત હોવાની કિંમત સમજાશે.

પિતા તેમના ગામે એક જણને ઘેર પુત્રને મૂકી આવ્યા. ગામ જંગલના છેવાડે, નદીકાંઠે હતું તથા ત્યાં સંદેશા-વ્યવહારનાં કોઈ સાધનો પહોંચ્યા ન હતા. અઠવાડિયા પછી તેઓ પુત્રને લેવા ગયા, ''બોલ દીકરા તને ફાવ્યું?''

પુત્ર કહે, ''ડેડી, આપણી અને આ લોકોની જીવન જીવવાની પદ્ધતિમાં ઘણો ફેર છે. આપણા ઘરે તો નાનકડો સ્વીમીંગ પુલ છે. અને એમાં ક્લોરિનવાળું ગંધાતુ વાસી પાણી છે. મારી તો તેમાં હંમેશા આંખો બળે છે. અહીં તો ઝૂંપડીની પાછળ જ નદી વહે. વહેતું પાણી, નહાવાની મજા પડી ગઈ. મારે તો એક જ કૂતરો છે. અહિં તો ચાર કૂતરા મિત્ર બની ગયા હતા. તે ઉપરાંત બે પોપટ, કાગડા, બિલાડી અને સસલાં ! આપણે તો રોજ રાત્રે બારીઓ બંધ કરીને એ.સી. ચલાવવું પડે. અહીં તો અમે ખૂલ્લામાં જ સૂતા હતા. એવી સરસ ઉંઘ આવતી, શીળો પવન અને તારાની ચાદર.

આપણે ઘેર તો રસોઈયાની બનાવેલી ફ્રીઝમાં મૂકીને માઈક્રોવેવમાં ગરમ કરેલી રસોઈ નોકરના હાથે ખાવી પડે. અહીં તો બા રોજ ગરમા-ગરમ બન્ને વખત તાજું જમાડે!

આપણે ત્યાં પેકેટના દૂધ પીવા પડે, અહી તો રોજ તાજું દોહેલું દૂધ પીવા મળતું, જુઓને અઠવાડિયામાં તો હું કેવો લાલ ટામેટા જેવો થઈ ગયો છું! ખરેખર પપ્પા હોં, સારું થયું તમે મને અહીં મોકલ્યો, નહીં તો ગરીબાઈ એટલે શું એ હું ક્યારેય સમજી ન શક્યો હોત...! આપણે બહુ જ ગરીબ છીએ...! ડેડી...! ''- **સૌ. વજાનું વાત્સલ્ય.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. વેરસીભાઈ એચ. દેઢિયા | - બોરીવલી | ૧૦૦/- |
| ૨. મણીલાલ કોરશી દેઢિયા | - સાંતાક્રુઝ | ૧૦૦/- |
| ૩. જયંતભાઈ ગાંગજી મામણીયા | - બોરીવલી | ૫૦૦/- |
| ૪. વૈભવ કે. સાવલા | - મલાડ | ૧૦૦/- |
| ૫. રવીભાઈ સંગોઈ | - દાદર | ૧૦૦/- |
| ૬. મોરારજી નાનજી છેડા | - ચેમ્બુર | ૧૦૦/- |
| ૭. રજનીકાંત મહેતા | - મલાડ | ૧૦૦/- |
| ૮. દેવીબેન રજનીકાંત | - ચેમ્બુર | ૧૦૦/- |
| ૯. જયકાંત ઘેલાણી | - બોરીવલી | ૧૦૦/- |

**નોંધ:** આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.

## ખોરાકની શોધમાં ૨૦૦૦ કિલોમીટરનો પ્રવાસ

આફ્રિકામાં આવેલા ટાન્ઝાનિયાના સેરેન્ગેટી નૅશનલ પાર્કમાં પાનખર ઋતુંમાં ઘાસચારો ઉપલબ્ધ થતો ન હોવાથી આશરે ૧૫ લાખ આફ્રિકન હરણો અને બે લાખ ઝીબ્રા દર વર્ષે ઘાસની શોધમાં આશરે ૨૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને કેન્યાના મસાઈ મારા ગેમ રિઝર્વમાં સ્થળાંતર કરે છે. એકસાથે આટલાંબધાં પ્રાણીઓનું આટલું મોટું સ્થળાંતર આ સીઝનમાં થતું હોય છે અને આ વર્ષે ટાન્ઝાનિયામાં ઓછો વરસાદ પડ્યો હોવાથી આ સ્થળાંતર થોડું વહેલું શરૂ થઈ ગયું છે. ગઈ કાલે સેંકડો હરણોએ નદી પાર કરીને મસાઈ મારા ગેમ રિઝર્વમાં પ્રવેશ કર્યો હતો. - **મીડ ડે, ૫.૯.૧૫**

## લોકો ધારે તો જાતે પણ તકલીફ નિવારી શકે

દક્ષિણ ગુજરાતના માંગરોળ તાલુકાના કોસાડી અને આંકળોદ ગામ વચ્ચેથી પસાર થતી કીમ નદી પર નવો પુલ બાંધીને જુલાઇ, ૨૦૧૫માં ખુલ્લો મુકાયો. નદીઓમાંથી પસાર થતા રસ્તાઓ માટે પુલ બંધાય એ કોઈ નવી વાત નથી, પણ કોસાડી ગામના લોકોએ જે રીતે આ પુલ બંધાવ્યો એ નવી વાત છે.

કોસાડી ગામના લોકો કેટલાંય વર્ષોથી આ પુલ બાંધવા માટે સરકારી અધિકારીઓને ભાઈસા'બ બાપા કરતા હતા, પણ સરકારી અધિકારીઓ આ પુલ બાંધવાને મુદ્દે લોકોની કોણીએ ગોળ લગાડતા રહેતા હતા. કોસાડી ગામના આગેવાનો અનેક ઉચ્ચ અધિકારીઓની ઑફિસનાં પગથિયાં ઘસીને થાંકી ગયા. તેઓ સરકારી અધિકારીઓને સમજાવવા મથતા રહ્યા કે કોસાડીથી આંકળોદ ગામ વચ્ચેનું અંતર વાયા મંગરોળ કે વાંસોલી ચોકડી પંદરથી વીસ કિલોમીટર છે પણ કોસાડી-આંકળોદ વચ્ચે કીમ નદી પર પુલ બંધાઈ જાય તો એ અંતર માત્ર એક કિલોમીટર જ થઈ જાય એમ છે. આ પુલ બંધાય તો બીજાં અનેક ગામોને પણ એનો ફાયદો મળી શકે.

જાડી ચામડીના અધિકારીઓએ વર્ષો સુધી કશું કર્યું નહીં. છેવટે એક દિવસ કોસાડી ગામના સલ્લુજીભાઈ, યાકુબ પટેલ અને બીજા આગેવાનોએ એક બેઠક યોજીને નિર્ણય કર્યો કે સરકારની આ પુલ બંધાવવાની દાનત લાગતી નથી એટલે આપણે જાતે જ આ પુલ બાંધવાનું કામ હાથ પર ધરીએ.

એ નિર્ણય લેવાયા પછી કીમ નદી પર પુલ બાંધવાનો અંદાજિત ખર્ચ મંડાયો. આશરે પચાસ લાખ રૂપિયાથી વધુ રકમ પુલ બાંધવા માટે જોઈશે એવો અંદાજ નીકળ્યો. ગામલોકોએ પોતાની ક્ષમતા પ્રમાણે ફાળો એકઠો કર્યો, પણ નાનકડા ગામના લોકોના ફાળાથી એટલી મોટી રકમ તો ક્યાંથી એકઠી થાય? એટલે એક આગેવાન યાકુબ પટેલે કોસાડી ગામના, વિદેશોમાં સ્થાયી થયેલા માણસોની મદદ મેળવવા વિદેશ-પ્રવાસે જવાનું નક્કી કર્યું. તેમણે દક્ષિણ આફ્રિકા અને અન્ય દેશોમાં રહેતા, કોસાડીના વતનીઓ પાસે મદદ માગી. પુલ માટે વિદેશથી મદદ મળવા માંડી અને ૨૦૧૫ના મધ્યભાગમાં રૂપિયા ૫૫ લાખના ખર્ચે કીમ નદી પર પુલ બંધાઈ પણ ગયો.

કોસાડી ગામના લોકોએ બતાવી આપ્યું કે નકટી સરકાર કે જાડી ચામડીના સરકારી અધિકારીઓ મદદ કરવા તૈયાર ન થાય તો લોકો પોતાના સુખ-સગવડ માટે બીજો રસ્તો પણ અજમાવી શકે. **-આશુ પટેલ-૧૬.૧૦.૧૫., સૌ. મુંબઈ સમાચાર.**

## તું જ્યાં હો ત્યાંથી પાછો આવી જા

ઘણીવાર અખબારોમાં આવી જાહેરાત આવે છે, સામાન્ય રીતે ઘેરથી નાસી ગયેલ પુત્ર યા પુત્રી સમય જતાં પાછા આવે પણ છે. કારણ ગમે તે હોય - ખિસ્સું ખાલી થઈ ગયું હોય, મતિ ઠેકાણે આવી હોય કે કોઈએ શિખામણ આપી હોય. સમાજમાં એવા અનેક લોકો છે, જેઓ ભટકેલા નથી, છતાં ભટકેલા છે, ભ્રમિત છે, માર્ગભૂલ્યા મુસાફરો છે, પાછા વળવાનું નામ લેતા નથી. બસ, નજર ઊંચી કર્યા વિના દોડ્યે જ જાય છે. પોતે જ લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું અને પોતે જ જુદી દિશા પકડી છે. પદ, પ્રતિષ્ઠા અને પૈસાના સુવર્ણમૃગનું એમને ઘેલું લાગ્યું છે. આશ્ચર્ય એ વાતનું છે કે વસ્તુની પ્રાપ્તિ છતાં અસંતોષની આગ બુઝાતી નથી. કોણ એમને અટકાવી વીનવે કે ભઈલા, હવે જ્યાં હો ત્યાંથી પાછો ફર?

વટેમાર્ગુ અજાણ્યા સ્થળે ચાર રસ્તે આવી ઊંભો રહે છે. ક્યાં જવું, સૂઝ પડતી નથી, સમજદારીથી રાહદારીને પૂછે છે કે મારે અમુક જગાએ જવું છે, તો કયો રસ્તો પકડવો? જીવનયાત્રામાં પથભ્રાંત થયેલા માણસે પોતાની જાતને - અંતરાત્માને - પૂછવું જોઈએ. અંતરાત્મા તો ઈશ્વરે બધાને આપ્યો છે. મનુષ્યને અઘટિત, અનપેક્ષિત માર્ગે જતાં તે અટકાવે છે, પણ કેટલાકનો અંતરાત્મા સુપ્ત હોય છે. કદાચ એ જાગે અને અવાજ કરેય ખરો, પરંતુ મનુષ્ય એ તરફ ધ્યાન આપતો નથી. આપવા માગતો નથી. જેમ મદોન્મત્ત હાથી નિરંકુશ ભ્રમણ કરે છે, એમ ઐશ્વર્યમદમત્ત (ઐશ્વર્યના મદથી છકી ગયેલો મનુષ્ય) કોઈનું સાંભળતો નથી. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે (અ.૧૫, શ્લો.૧૫) - सर्वस्य च अहं हृदि संनिविष्टः। 'હું સર્વના હૃદયમાં વાસ કરું છું.' ઉરમાં પરમતત્ત્વનું અજવાળું પથરાયેલું છે, પણ એ ઉજાશઆપણી નજરે ચડતો નથી.

ઉજાશ તરફ આપણું મોં ફેરવનાર કેટલાંક સાધનો છે - સંતસમાગમ, સદ્‌ગ્રંથવાચન, પ્રભુભક્તિ, દરિદ્રનારાયણ સેવા ઈત્યાદિ. જે સાધન જ્યારે ઉપલબ્ધ હોય, એનો સવિવેક વિનિયોગ કરીએ તો એક ઘડી એવી આવશે કે આપણું મન ગાવા લાગશે

ઉરે વસ્યા શ્રીહરિ, ધન્ય થાઉં એમને સ્મરી...

આમ સુપ્ત અંતરાત્મા જરૂર જાગશે અને આપણને ભીતરથી એનો સાદ સંભળાશે: 'તું જ્યાં હો ત્યાંથી પાછો આવી જા.'

**- લે. શાંતીલાલ ગઢીયા -વડોદરા.**

## ગાંધીવાણી

તમે અને હું આ ઓરડામાં બેઠા છીએ એ વાતની મને જેટલી ખાતરી છે તેના કરતાં વધારે ખાતરી ઈશ્વરના અસ્તિત્વ વિશે છે. વળી, હું તમને મારી એ સાક્ષી પણ આપી શકું કે કદાચ હવા ને પાણી વિના જીવી શકું પણ ઈશ્વર વિના ન જીવી શકું. તમે મારી આંખો ભલે ફોડી નાખો, પણ એથી હું મરી નહીં જાઉં. તમે મારું નાક કાપી નાખો, પણ એથી હું મરી નહીં જાઉં. પણ તમે મારી ઈશ્વર વિશેની આસ્થા ઉડાવી દો, તો મારા બાર વાગી જવાના. તમે આને વહેમ કહેવો હોય તો ભલે કહો, પણ હું કબૂલ કરું છું કે એ વહેમ સેવવો મને ગમે છે, જેમ હું નાનો હતો ત્યારે કંઈક ડર આવી પડે ત્યારે હું રામનામ લેતો. મારી એક ઘરડી દાઈએ મને એ શીખવેલું. - **મહાત્મા ગાંધી, હરિજનબંધુ (તા.૧૫.૫.૧૯૩૮)**

## શબ્દ કહ્યા વિના સુધારી દીધો

એક વાર એક શ્રીમંત કુટુંબનો છોકરો શાંતિનિકેતનમાં ચિત્રકળાનો અભ્યાસ કરવા આવ્યો. છાત્રાલયના તમામ વિદ્યાર્થીઓ પર શિક્ષકોની નજર રહેતી. એ રીતે કલાગુરુ નંદલાલ બસુની નજર તે શ્રીમંત વિદ્યાર્થી પર પણ રહેતી હતી.

નંદલાલ બસુને સમજાયું કે શ્રીમંત કુટુંબમાં અયોગ્ય રીતે ઉછરવાને કારણે તે યુવાનમાં કેટલીક ખોટી આદતો હતી. એક વાર તે યુવાન બપોરના ભોજન માટે ગયો હતો એ વખતે નંદલાલજીએ તેના રૂમમાં જઈને જોયું તો તે યુવાનના કપડાં અસ્તવ્યસ્ત પડ્યાં હતા. ટેબલ પર બધી વસ્તુઓ આડેધડ પડી હતી અને રૂમમાં બહુ ધૂળ દેખાતી હતી.

નંદલાલજીએ તે વિદ્યાર્થીની રૂમમાં સાફસફાઈ કરી. તે વિદ્યાર્થીના કપડાં અને બીજી ચીજો વ્યવસ્થિત રીતે ગોઠવ્યા અને પછી ત્યાંથી જતા રહ્યા.

નંદલાલજી બીજા દિવસે બપોરે ફરી વાર તે યુવાનની રૂમમાં ગયા. ત્યારે પણ બધું અસ્તવ્યસ્ત પડ્યું હતું. ફરી વાર તેમણે રૂમની ચીજવસ્તુઓ યોગ્ય રીતે ગોઠવી.

પેલા વિદ્યાર્થીએ બીજા કોઈ વિદ્યાર્થીને પૂછ્યું કે તારા રૂમની પણ નોકર નિયમિત સફાઈ કરી જાય છે? તો જવાબ મળ્યો કે રૂમની સાફસફાઈ તો વિદ્યાર્થીઓએ જાતે જ કરવાની હોય છે!

પછીના દિવસે શ્રીમંત વિદ્યાર્થીએ દૂરથી જોયું કે પોતાની રૂમમાં કોણ સફાઈ કરવા જાય છે. તેણે કલાગુરુ નંદલાલ બસુને પોતાની રૂમમાં જતા જોયા. તેણે રૂમમાં જઈને જોયું તો નંદલાલજી સાફસફાઈ કરી રહ્યા હતા.

તે વિદ્યાર્થીએ નંદલાલજીની માફી માગી અને એ દિવસથી તે શિસ્તબદ્ધ વિદ્યાર્થી બની ગયો. - **સૌ. મુંબઈ સમાચાર.**

## હવે ૩૦ દિવસમાં રેશનકાર્ડ

મહારાષ્ટ્ર સરકારે રાઈટ ટુ પબ્લિક સર્વિસ ઓર્ડિનાન્સ પસાર કર્યો એને એક મહિનો વીતી ગયા પછી ફૂડ એન્ડ સિવિલ સપ્લાય ખાતાએ દસ સેવાઓમાં નોકરશાહી નાબૂદ કરવા નોટિફિકેશન જારી કર્યું છે. નક્કી કરવામાં આવેલી આ દસ સેવાઓમાં (૧) નવા રેશનકાર્ડ માટે ૩૦ દિવસ. (૨) રેશનકાર્ડમાં નામમાં સુધારો કરવા માટે ૩ દિવસ, (૩) રેશનકાર્ડમાં નામ ઉમેરવા માટે ૩ દિવસ, (૪) જો ઘરની મુલાકાત લેવી જરૂરી હોય તો ૩૦ દિવસ તથા રેશનકાર્ડમાંથી નામ કાઢવા માટે ૩ દિવસ, (૫) રેશનકાર્ડમાં સરનામામાં ફેરફાર માટે ૩૦ દિવસ, (૭) રેશનકાર્ડ ખોવાઈ જતાં ડુપ્લીકેટ રેશનકાર્ડ માટે ૩૦ દિવસ, (૮) રેશનની નવી દુકાન માટે ૯૦ દિવસ, (૯) રેશનની દુકાનના લાઈસન્સના નવીનીકરણ માટે ૬૦ દિવસ અને (૧૦) રીટેલ કેરોસીન વેચાણના લાઈસન્સ માટે ૯૦ દિવસના સમયનો સમાવેશ થાય છે. - **પ્રવીણ શામજી નીસર.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

## શું 'મેક ઈન ઈન્ડિયા'ના કેન્દ્રમાં ગરીબ છે ખરો?

દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા બાદ ગાંધીજીએ રાષ્ટ્રનિર્માણનું જે કાર્ય હાથ ધર્યું તેના કેન્દ્રમાં દરિદ્રનારાયણ હતો. બાપુનો ઝોક દરિદ્રનારાયણ તરફ રહ્યો હતો. તેઓ પરંપરાગત ઉદ્યોગોને પ્રોત્સાહન આપતા હતા તથા આજીવન ગ્રામસ્વરાજ્યના પ્રચારક રહ્યા હતા. આ બાપુનું 'મેક ઈન ઈન્ડિયા' હતું. જો કે આજના 'મેક ઈન ઈન્ડિયા' માં દરિદ્રનારાયણ નહીં પણ લક્ષ્મીપતિઓ કેન્દ્રમાં છે. આ 'મેક ઈન ઈન્ડિયા' ના કારણે ગામડાઓનું શહેરીકરણ થઈ રહ્યું છે અને તેના કારણે છેવાડાના લોકોનો સર્વાંગી વિકાસ થશે કે કેમ એ સવાલ છે. આજના ભારત-નિર્માણમાં દરિદ્રનારાયણનું શોષણ થવાની પૂરેપૂરી શક્યતા છે, જમીન ગુમાવવાની સાથે તેઓ સ્વાવલંબન ગુમાવશે અને પરાવલંબી બનશે અને તેમને માર્કેટ પર આધાર રાખવો પડશે. ગ્રામીણ ઉદ્યોગોની ક્ષમતા વિશ્વના બજારો સામે ટકવાની છે અને આ ઉદ્યોગો તરફ ધ્યાન અપાશે તો સાચું મેક ઈન ઈન્ડિયા થશે.

દાખલો જોઈએ તો વિશ્વભરમાં આજે ઓર્ગેનિક ફૂડની ડિમાન્ડ વધી છે. મને લાગે છે કે આપણે આજે પણ કૃષિ પ્રધાન દેશ છીએ. ભારતના ખેડૂતો હજીય ઓર્ગેનિક પાક લેવામાં નિપુણ છે. તેમની આવડત અને તેમના જ્ઞાનનો આજે પણ સમગ્ર જગતમાં જોટો જડે એમ નથી. દુનિયાભરમાં ઓર્ગેનિક ફૂડની અછત છે અને જો યોગ્ય પહેલ કરવામાં આવે તો ભારતના ખેડૂતો આ અછતને નિવારી શકે એમ છે. કમનસીબે, આપણે તેમને પ્રોત્સાહિત કરવામાં નિષ્ફળ નિવડ્યા છીએ, તેમની અવગણના થઈ રહી છે. આજે જો બાપુ જીવિત હોત તો તેમની નજર સામે દેશના ખેડૂતો હોત જે તેમના સ્વપ્નના ભારતનું નિર્માણ કરવાની ક્ષમતા ધરાવે છે. - **તુષાર ગાંધી (લેખક ગાંધીજીના પ્રપૌત્ર છે). સૌ. લોક સ્વરાજ**

## "मज़हबी शराब"

नशेमें शराबोर शराबी
अपने ही घरमें बैठकर,
चिल्लाकर बुला रहा था।
अरे कोई आओ, मुझे मेरे घरका रास्ता दिखाओ।
हसो मत यारो मेरे,
हमभी कुछ कम नहीं शराबी से।
हम भी शराबोर है,
मज़हबकी गलतफ़ेहमी की शराबमें।
खुदा के घरमें बैठकर, खुदाका घर ढूंढते है।
मुमकिन है! शराबीका होंश मैं आना।
आशा नहीं है! ग़लत फ़ेहमी से बहार आना।
यहाँ तो मज़हबके राहनुमाका बड़ा कारोबार है।
गलतफ़ेहमी वो, तरोताज़ा रखते है।
'जामे-जाहनुमा' से पिलाया करते है,
पिनेवाला होशमें न आओे,
उसका काफ़ी ख़याल रखते है।

**- हर्षल पंचाल, बांद्रा, मुंबई.-पथिक**

# આપણે સ્વાર્થી થઈ ગયા છીએ

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

વ્હાલા પપ્પા,

તાજેતરમાં અહીં ડેલાવરમાં બનેલા એક પ્રસંગે મને હચમચાવી દીધી છે. અહીં રહેતા એક મોટી કંપનીના સીઈઓ તેમની પત્ની અને બે તરુણ વયનાં બાળકો સાથે સેન્ટજોન્સના વર્જિન આઈલેન્ડ ઉપર વેકેશન માટે ગયા જે 'કરેબિયન સી'માં આવેલો નાનો આઈલેન્ડ છે. આ ટાપુ અમેરિકાની સત્તા હેઠળ આવેલો છે છતાં પણ અહીં અત્યારની વસતિ ગણતરી મુજબ ૭૮ ટકા બ્લેક એટલે કે નીગ્રો લોકો, ૧૦ ટકા જેટલા વ્હાઈટ લોકો રહે છે અને બાકીના ૧૨ ટકામાં બીજી અન્ય પ્રજાતિઓની વસતિ છે. આ આઈલેન્ડ વધારે કરી ટુરિસ્ટની અવરજવર ઉપર રહેતી હોય છે.

આ ટાપુ ઉપર આવેલા એક સારામાં સારી વિલામાં આ ફેમિલી વેકેશનમાં રહેવા આવ્યું. અહીં જીવજંતુઓને મારવા માટે તેમના આવતા પહેલાં જ ટર્મિનેક્સ પેસ્ટીસાઈડ મિથાઈલ બ્રોમાઈડ નામની દવાનો છંટકાવ તેમની આ રહેવાની જગ્યામાં કરાયો હતો, જ્યારે આ પ્રકારના પેસ્ટીસાઈડ ઉપર અહીં અમેરિકામાં પ્રતિબંધ છે. હવેની વાત તમને જણાવું છું. આ એક ભૂલની અસર આ મઝા કરવા ગયેલા ફેમિલીને બહુ ભારે પડી ગઈ. અહીં શુદ્ધ વાતાવરણમાં રહેલા આ ફેમિલીને એમની વિલામાં ગયાને થોડો જ સમય વીત્યો હશે ને તરત બે બાળકોનાં પિતા સ્ટીવ એસ્મડ અચાનક બેભાન થઈને ઢળી પઢયા અને તેમની પત્ની અને બંને બાળકોને આંચકી આવવા લાગી. પરિવારના તમામ સભ્યને હેલિકોપ્ટર દ્વારા નજીકની હૉસ્પિટલમાં ખસેડાયા. ત્વરિત મળેલી સારવારના કારણે તેમના જીવ તો બચાવી લેવાયા છતાં પણ આ જંતુનાશક દવાની અસરથી થયેલા નુકસાનમાંથી ઉગારી ન શક્યા. પપ્પા વિચારીને પણ દુ:ખ થઈ આવે તેવી ઘટના આ ફેમિલી સાથે એક ભૂલને કારણે બની ગઈ, કારણ કે આ પેસ્ટીસાઈડ સૌ પ્રથમ સેન્ટર નવર્સ સિસ્ટમ અને આપણી બ્રિધિંગ સિસ્ટમને નુકસાન કરે છે. આજે લગભગ મહિનો થવા આવ્યો ત્યારે માંડ હવે મિસ્ટર સ્ટીવ એસ્મડ થોડા સામાન્ય થઈ શક્યા છે. તેમનાં પત્ની હજુ પણ હોસ્પિટલમાં છે અને વધારે અસર થયેલાં બંને ટીનેજર બાળકો જેમાંનો એક ૧૬ વર્ષનો છે તે કોમામાંથી હજુ બજાર આવી શક્યો નથી અને નાનો દીકરો જે ૧૪ વર્ષનો છે તે પેરાલિસીસની અસર હેઠળ હૉસ્પિટલમાં સારવાર નીચે છે.

અહીં સામાન્ય રીતે નુકસાનકર્તા પેસ્ટીસાઈડ દવાઓ ઉપર પ્રતિબંધ છે, છતાં પણ આ રીતે ઉપયોગમાં લેવાતી દવાઓ કેટલી નુકસાનકારક છે તે આ એક ઉદાહરણ ઉપરથી સમજાઈ જાય છે. ઈન્ડિયામાં પણ આવા બનાવો બનવાના સમાચાર અવારનવાર સાંભળવામાં અને વાંચવામાં આવે છે.

૧૯૯૦ ની સાલની વાત છે. અહીંના કનેટીકટના એક નર્સરી ફાર્મમાં આવી દવાઓના ઉપયોગને કારણે ત્યાં કામ કરતાં કેટલાક વર્કર્સને ગંભીર રીતે નુકસાન થયું હતું. આમ અમેરિકા હોય કે ઈન્ડિયા હોય આવા બનાવો બનતા જ હોય છે. પપ્પા, તમને હજુ પણ યાદ હશે ભોપાલ દુર્ઘટના. હજુ પણ આ ઘટનાઓની ભૂતાવળ આપણા દેશમાં જોવા મળે છે.

પપ્પા, હું તો એક જ વાત માનું છું કે જે આપણને હાનિકારક હોય તે બીજા માટે પણ હોય છે. માટે આપણા સ્વાર્થ માટે એવી કોઈ વસ્તુઓનો ઉપયોગ ન કરવો જોઈએ જેથી આપણી સોસાયટીમાં આવી દુર્ઘટના થતી અટકાવી શકાય.

જંતુનાશક દવાઓથી દૂર રહેવું જોઈએ. આજકાલ અનાજ અને શાકભાજીના વધારે ઉત્પાદન માટે વપરાતાં રાસાયણિક ખાતર સાથે પાકને રોગોથી બચાવવા માટે ઉપયોગમાં લેવાતી જંતુનાશક દવાઓ પાકમાં અંદર સુધી ફેલાઈ જાય છે અને ખોરાક વાટે આપણા શરીરમાં ફેલાય છે. ધીરેધીરે તેમાં રહેલાં ઝેરી તત્ત્વોની આપણા શરીર પર અવળી અસર થાય છે અને તેના કારણે આજકાલ બહુ ઝડપથી સમાજમાં દેખાતાં કેન્સર, અસ્થમા, નર્વસ સિસ્ટમને ડિસ્ટર્બ કરતા રોગો ફેલાય છે.

પપ્પા, પહેલું સુખ તે જાતે નર્યા, તબિયતનું ધ્યાન રાખજો...

તમારી દીકરીના પ્રણામ

**- લિ. રેખા વિનોદ પટેલ (યુએસએ), સૌ. ચિત્રલેખા**

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

To,